# ‘નિયાંપો’

શ્રી કચ્છી મિત્ર મંડળ
હૈદરાબાદનું મુખપત્ર

વર્ષ : ૧૮ અંક : ૨૧૨

પ્રમુખ
**ધનજી લખમશી સાવલા**
(નિ) ૨૪૭૫ ૩૮૯૪, ૯૩૯૧૦ ૫૨૮૦૩

માનદ્ મંત્રી
**અમૃતલાલ ભાણજી નિસર**
(નિ) ૨૪૭૫૫૫૭૪,૯૩૪૭૫ ૫૫૫૭૪

સંપાદિકા
**શ્રીમતી દર્શના દિનેશ દેઢિયા**
૬૬૪૬ ૩૬૯૫, મો. ૮૧૦૬૪ ૦૭૧૯૧

સહ-સંપાદકો
**દિનેશ કલ્યાણજી ગોસર**
૯૩૯૧૧ ૯૯૦૧૧, ૯૨૪૬૧ ૯૯૦૧૧
**રમેશ મણીલાલ શાહ**
૨૪૭૫ ૧૮૭૫, ૯૪૪૦૯ ૯૬૬૫૨

*કાર્યાલય*
**શ્રી કચ્છી મિત્ર મંડળ**
શ્રી કચ્છી ભવન
૩-૫-૧૪૨, ઇડનબાગ, રામકોટ,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.
ફોન : ૨૪૭૫ ૨૩૮૩, ૬૫૯૪ ૨૩૮૩
email : hydkmm@gmail.com

*મુદ્રક*
**ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**
૩૭, રૉયલ પ્લાઝા,
સુલતાન બજાર, હૈદરાબાદ ૯૫
ફોન ૦૪૦-૬૬ ૭૮૦ ૭૮૦
કિંમત - રૂ. ૧/-

‘‘નિયાંપો’’ માં પ્રગટ થતા કોઈ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઈ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.



## પ્રમુખશ્રીનો સંદેશ

**ધનજી લખમશી સાવલા**

કચ્છી મિત્ર મંડળના પરિવારજનો જોગ. આપણા સમાજમાં સારો એવો ઉત્સાહ જોવામાં આવે છે. યુવાઓએ ક્રિકેટની ટીમોમાં ભાગ લઇને ખુબજ આનંદ માણ્યો છે. ૨૬મી જાન્યુઆરી સ્વતંત્ર દિવસનો કાર્યક્રમ શાન્તી પ્રાયમરી સ્કૂલનો ધ્વજવંદન અને નાના બાળકોની કવાયત જોઈ સૌ કોઈ હાજર રહેલ માવિત્રો, મંડળના મેમ્બરો તથા કારોબારી સભ્યોએ પ્રશંસા કરી. પછી મુખ્ય કાર્યક્રમ હતો મંડળની ટેલીફોન ડિરેક્ટરી સંપર્ક સેતુ વિમોચનનો. વિમોચનનો લાભ લેનાર દાતા પરિવારજનો શ્રીમતિ લતાબેન મણીકાંત મોમાયા નું બહુમાન કરી સાથે દાતા પરિવાર વતી શ્રી હેમાંગભાઈ મણીકાંત મોમાયા એ સ્વામીવાત્સલ્ય જમણનો લાભ લીધો. એ બદલ ખુબ ખુબ આભાર.

આપણે સૌ સાથે મળીને નવા કાર્યો માટે આગળ વધવાનુ છે. હાલમાંજ કારાબોરી સભામાં સારી જમીન મળે તે માટે ચર્ચા થઈ અને આ બાબત માં આગળ વધવા માટે સર્વાનુમતે શ્રી મણીકાંતભાઈ મોમાયાનો નામ નકી થયેલ, ઉપરાંત સભ્યો તરફથી પણ આ અંગે વિચારો અને સૂચનો આવકાર્ય છે.

જિંદગીમાં પરિવર્તન નવી દિશા તરફ બધા સિદ્ધાંતોને સમજીએ. ૧) મોટા સપનાઓ જોવા ૨) સ્વપ્નાઓ સાકાર કરવા, સ્વવિકાસ સાધવો ૩) નવા વિચાર માટે (Thing out of box) ૪) વિચારો ને ધૂન સુધી લઈ જવા ૫) નવી ઉભી થતી તકો ને ઓળખવી ૬) સાહસ કરી વિચારોને અમલમાં લાવવા ૭) મુશ્કેલીઓનો મક્કમતાથી સામનો કરવો ૮) દિર્ઘદષ્ટા બનવું જરૂરી છે. ૯) નીતિ નિયમોનું પાલન કરવું. ૧૦) આંતરમાનવીય સંબંધોનો વિકાસ કરવો. ૧૧) શોખને વ્યવસાય બનાવવો. ઉપર પ્રમાણો ૧૧ ની ટીમ હશે તો વર્લ્ડ કપ પ્રાપ્ત કરવો શક્ય રહેશે. આ વધી વાતો મનની પ્રસન્નતાને સમજશે.

વસંત પંચમી નો મહાન દિવસ ૧૫ ફેબ્રુઆરીના આપ સૌને દરેક રીતે લાભદાયક નિવડે અને અધુરા કાર્ય પુરા કરવાની તક મળે એવી શુભેચ્છા.

## ❖ આગામી કાર્યક્રમોની ડાયરી ❖

**શાંતિવન સમિતિ** : ઈમ્પોર્ટન્સ ઑફ ફિજિયોથેરેપી
રવિવાર તા. ૨૪-૨-૨૦૧૩ સાંજે ૪.૦૦ વાગે, કચ્છી ભવન, રામકોટ

હવે આપ વેબ સાઈટ ઉપર ‘‘નિયાંપો’’ વાંચી શકો છો
**http://www.asanjokutch.com/kutchhi-pub.asp**

॥ શ્રી શાંતિનાથાય નમઃ ॥

## શ્રી અચલગચ્છ જૈન સંઘ હૈદરાબાદ (સીટી)

## શ્રી શાંતિનાથ જિનાલયની ૧૨ મી વર્ષગાંઠ ધ્વજારોહણના શુભ પ્રસંગે

# સકલ સંઘને સ્નેહભર્યું આમંત્રણ

| | | |
|---|---|---|
| દિવ્ય કૃપા | : શાસન સમ્રાટ અચલગચ્છાધિપતિ | પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. |
| શુભાશિષ | : તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ | પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. |
| | સાહિત્ય દિવાકર દક્ષિણ દીપક | પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. |

શુભનિશ્રાદાતા : પ.પૂ. સા. શ્રી અરૂણોદયાશ્રીજી મ.સા. ના પ્રશિષ્યા પ.પૂ.સા. શ્રી હિરણ્યગુણાશ્રીજી મ.સા. ના શિષ્યા પ.પૂ. સા. શ્રી સમયગુણાશ્રી મ.સા. તથા પ.પૂ. સા. શ્રી શ્રુતગુણાશ્રીજી મ.સા.

સાધર્મિક બંધુ જોગ.......

પ્રભુ ભક્તિના અમૃતાનુષ્ઠાન સમા દુર્ગતિ દુઃખ નિવારક પરમ આનંદદાયક, આધ્યાત્મક અને સમકિત બીજ પ્રાપક સર્વ દુઃખ મુક્તિરૂપ મોક્ષદાયક એવા શાંતિદાતા પરમાત્મા શ્રી શાંતિનાથ ભગવાન આદિ પ્રભુના અંજનશલાકા, પ્રતિષ્ઠા થયાના ૧૨ માં વર્ષની પૂર્ણાહુતિએ વિક્રમ સંવત ૨૦૬૯ના મહા વદ ૭ રવિવાર તા. ૩-૩-૨૦૧૩ના દિવસે ધ્વજારોહણ કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

## ધ્વજારોહણના કાયમી લાભાર્થીઓ

| | | |
|---|---|---|
| મુખ્ય ધ્વજા શ્રી શાંતિનાથ પ્રભુ | શેઠશ્રી મણીકાંત મેઘજી મોમાયા પરિવાર | વરાડીયા |
| શ્રી શ્રેયાંસનાથ પ્રભુની ધ્વજા | શેઠશ્રી લીલાધર જીવરાજ નાગડા પરિવાર | વરંડી મોટી |
| શ્રી નમિનાથ પ્રભુની ધ્વજા | શેઠશ્રી લક્ષ્મીચંદ મેઘજી નાગડા પરિવાર | નરેડી |
| શ્રી વાસુપૂજ્ય સ્વામિની ધ્વજા | શેઠશ્રી દામજી જીવરાજ નાગડા પરિવાર | વરંડી મોટી |
| શ્રી જૂના મૂળનાયક શ્રી શાંતિનાથ પ્રભુની ધ્વજા | શેઠશ્રી મણીકાંત મેઘજી મોમાયા પરિવાર | વરાડીયા |

## માંગલિક કાર્યક્રમ

મહા વદ ૫ શનિવાર તા. ૨-૩-૨૦૧૩ સવારના ૯.૦૦ કલાકે પરમ શુદ્ધિ શ્રી અઢાર અભિષેક મહા વદ ૭ રવિવાર તા. ૩-૩-૨૦૧૩ સવારના ૯.૦૦ કલાકે સત્તરભેદી પૂજા સવારના ૧૧.૧૧ કલાકે ધ્વજારોહણ વિધી પ્રારંભ બપોરના ૧૨.૦૦ કલાકે સ્વામીવાત્સલ્ય કાયમી ધ્વજાના લાભાર્થી પરિવારો તરફથી રહેશે.

પૂજા દરમ્યાન વાર્ષિક ચઢાવા લેવામાં આવશે આ પ્રસંગે શ્રી સંઘ તરફથી આયંબીલ કરાવવામાં આવશે. આ માટે પેઢીમાં નામ લખાવવા વિનંતી. સાંજના કાયમી ધ્વજાના લાભાર્થી પરિવારો તરફથી શ્રી શાંતિનાથ પ્રભુજીને ભવ્યાતિભવ્ય આંગી રચવામાં આવશે. વિધિ-વિધાન માટે શ્રી રાજાભાઈ નંદુ, મુંબઈ થી પોતાની સંગીત મંડળી સાથે પધારશે. ઉપરોક્ત પ્રસંગે હાજર રહી શાસનની શોભામાં અભિવૃદ્ધિ કરશોજી.

લી. શ્રી અચલગચ્છ જૈન સંઘ હૈદરાબાદ (સિટી)

| | | |
|---|---|---|
| ધનજી લખમશી સાવલા | દામજી જીવરાજ નાગડા | મણીકાંત મેઘજી મોમાયા |
| ચેરમેન | વાઈસ ચેરમેન | મેનેજિંગ ટ્રસ્ટી |

તથા સર્વે ટ્રસ્ટીગણના જય જિનેન્દ્ર

શુભ સ્થળ : શ્રી જિનેશ્વરધામ, ૩-૪-૨૧૭, કાચીગુડા સ્ટેશન રોડ, હૈદરાબાદ-૨૭. ફોન. ૨૪૫૫ ૧૯૦૫, ૬૫૬૭ ૬૭૫૫



# મંત્રીશ્રીનો અહેવાલ

અમૃતલાલ ભાણજી નિશર

જાન્યુઆરી મહિનો સ્વાસ્થ્ય, રમતગમત, પ્રજાસત્તાક દિવસ તથા મનોરંજનનાં વિવિધ કાર્યક્રમોથી ખૂબજ વ્યસ્ત રહ્યો. તા. ૭ જાન્યુઆરીથી ૧૨ જાન્યુઆરી સુધી માવજત સમિતિ દ્વારા એક્યુપ્રેશરની સારવાર અર્થે એક શિબિરનું આયોજન થયું. કાર્યક્રમ ખૂબજ સફળ રહ્યો. સમિતિનાં સંચાલક શ્રી કિર્તીભાઈ તથા તેમના સાથીઓને ખૂબ અભિનંદન.

તા. ૧૪-૧-૨૦૧૩ નાં શ્રી આંધ્ર પ્રદેશ કચ્છી વીસા ઓસવાલ સમાજ દ્વારા એક પર્યટનનો કાર્યક્રમ યોજવામાં આવેલ. કાર્યક્રમની સફળતા માટે સમાજનાં સર્વ કાર્યકર્તાઓને અભિનંદન. તા. ૨૫-૧-૨૦૧૩ નાં એક કચ્છી નાટકનાં આયોજન માટે પણ કાર્યકર્તાઓને અભિનંદન.

તા. ૨૦-૧-૨૦૧૩ નાં રમત ગમત સમિતિ દ્વારા ક્રિકેટ મેચનું આયોજન કરવામાં આવ્યું. ક્રિકેટની રમત સાથે કચ્છનાં ગામોનાં નામો જોડી અલગ અલગ ટીમો બનાવી યુવાઓને પ્રોત્સાહિત કરવા બદલ સર્વ આયોજકો અને શ્રી વિજયભાઈ દામજી જીવરાજ નાગડાને અભિનંદન.

તા. ૨૬-૧-૨૦૧૩ નાં મનોરંજન સમિતિ, માનવ-મિત્ર સમિતિ તથા શાંતિ પ્રાયમરી સ્કૂલ દ્વારા પ્રજા-સત્તાક દિવસ નિમિત્તે ધ્વજ વંદનનો એક સંયુક્ત કાર્યક્રમ યોજાયો. કાર્યક્રમની સફળતા માટે ત્રણે સમિતિઓનાં સંચાલકો તથા તેમના સાથી કાર્યકરોને ખૂબ ખૂબ અભિનંદન.

એજ દિવસે ૧૧-૩૦ વાગ્યે વસ્તિપત્રક સમિતિ દ્વારા સંપર્ક સેતુ ૨૦૧૩ ટેલીફોન ડિરેક્ટરીનું વિમોચન શ્રીમતિ લતાબહેન મણીકાંત મેઘજી મોમાયાનાં વરદ્ હસ્તે કરવામાં આવ્યું. ખૂબજ પરિશ્રમ અને જહેમતથી સુંદર અંકનાં પ્રકાશન બદલ શ્રી અરવીંદભાઈ કેશવજી છેડા તથા એમના સહ કાર્યકરોને ખૂબ-ખૂબ અભિનંદન સાથે ખૂબ ખૂબ આભાર.

આ સંપર્ક સેતુ અંકનાં દાતા શ્રી મણીકાંત મેઘજી મોમાયા પરિવારનો ખૂબ - ખૂબ આભાર, તેમજ પ્રીતિ - ભોજની સુંદર વ્યવસ્થા બદલ પણ તેમનો આભાર. ધ્વજ વંદન કાર્યક્રમ દરમ્યાન શાંતિ-પ્રાયમરી સ્કૂલનાં બાળકોને આઈસ્ક્રીમ ખવડાવવા માટે પણ એમનો આભાર.

ઉપરોક્ત સર્વ વિવિધ કાર્યક્રમોનો સભ્યોએ ભરપુર આનંદ માણ્યો. આયોજકો તેમના તન-મન અને કિમતી સમયનો ભોગ આપી કાર્યક્રમોની સફળતાને વરે છે. સર્વ સમિતિઓનાં સંચાલકો તથા તેમના સાથી કાર્યકરોનો એમની સફળતા બદલ જેટલા ધન્યવાદ આપીએ એટલા ઓછા છે.

તા. ૩૦-૧-૨૦૧૩ ના કારોબારી તથા ટ્રસ્ટ બોર્ડની સંયુક્ત સભા યોજવામાં આવી હતી. પ્રસંગોપાત નીચે મુજબના દાનો મંડળને પ્રાપ્ત થયા છે. દાતાઓનો ખૂબ આભાર.

| | | |
|---|---|---|
| ૧) | લગ્ન પ્રસંગે - વિ. કુણાલ મનસુખલાલ કસ્તુરચંદ ખંડોર | રૂ. ૫૧૦૦/- |
| ૨) | કુસુમબેન ધીરજલાલ પારેખ અને લીલા નૃતમલ પારેખ ફાઉન્ડેશન | રૂ. ૫૦૦૦/- |
| ૩) | લગ્ન પ્રસંગે - વિ. ધવલ વાડીલાલ મહેતા | રૂ. ૫૧૦૦/- |

તા.ક. ગુજરાતી પ્રગતિ સમાજ દ્વારા એક ગર્લ્સ - હોસ્ટેલ શરૂ કરવામાં આવી છે. આવશ્યક્તા અનુસાર લાભ લઈ શકાશે.

# હાર્દિક અભિનંદન



## કુ. બિજલ
## નિતીનચંદ વિશનજી હરિયા
### ગામ - શેરડી (હૈદરાબાદ)

માઁ સરસ્વતિની અસીમ કૃપાથી C.A. Final પરિક્ષામાં પ્રથમ પ્રયાસે પાસ થયેલ છે. જીવન સફરમાં દરેક સફળતાના શિખરો સર કરતી રહે એવી મનોકામના સાથે હાર્દિક શુભેચ્છા....

માતુશ્રી પૂરબાઈ વિશનજી મેઘજી હરિયા પરિવાર, શેરડી ... (દાદી-દાદા)
સ્વ. લક્ષ્મીબેન કુંવરજી તેજપાર મારૂ, હાલાપર .............. (નાની-નાના)
વાસન્તી નીતીનચંદ વિશનજી હરિયા ........................ (માતા-પિતા)
અરૂણા નવીનચંદ વિશનજી હરિયા .......................... (કાકી-કાકા)
પ્રતિમા જયંતકુમાર નાનજી હેણીયા - સાભરાઈ .............. (ફુઈ-ફુઆ)
ભાવના હરેશ દેવજી લધા - મેરાઉ, મંબઈ .................... (ફુઈ-ફુઆ)
ભાવિની હીરેન નવિનચંદ હરિયા ............................ (ભાભી-ભાઈ)
જ્યોતિ પ્રફુલ, પુષ્પા હરિશ, શિલ્પા વિનોદ મારૂ ........... (મામી-મામા)
મેહલ, મીતલ, સૌરભ (બબુ), નમ્રતા, જિનેશ, પલક ....... (ભાઈ-બહેન)
ધ્રિયા હીરેન હરિયા ........................................... (ભત્રીજી)

---

*With best Compliments from*

Haria Traders, Goshamahal - Ph : 98499 15020 / 98850 31232
Jinesh Enterprises, Goshamahal - Ph : 92930 05180

**Distributors for NIRMA Ltd.**

*Distributors & Retailers for :*
*Moksh Agarbathi Co. (Swarna Champa), Diamond Agarbathi & Co. (Vinayak), Shrinivas Sugandhalaya (Satya Dhoop), Sarathi International Inc. (Tulsi), Shivam Perfumer Works (Jaymala)*

(જા.ખ.)



## સંપાદકીય

સંપાદિકા : શ્રીમતિ દર્શના દિનેશ દેઢિયા
સહ સંપાદકો : દિનેશ કલ્યાણજી ગોસર, રમેશ મણીલાલ શાહ

એકવીસમી સદીમાં જીવતા આપણે હજી ૧૮ મી સદીમાં જીવના હોઈએ એવી રીતે રહીએ છીએ. વર્ષો વીતે છે, જમાનો બદલાય છે છતાં આપણે પછાત રહેવામાં જાણે આપણી શાન માનીએ છીએ, અને આપણા મનને મનાવીએ છીએ કે જાણે આપણે આપણી સંસ્કૃતિ જીવીત રાખી છે.

પરંતુ ખરેખરમાં નવી પેઢી એક નવી દુનિયા તરફ પ્રયાણ કરી ચુકી છે. જે દુનિયા છે Data Information ની દુનિયા Hard Work કે મહેનત અને મજુરીના દિવસો હવે પુરા થયા. હમણાના દિવસોમાં આપણે હજી Intelligent માણસોને રાખીને કામને વધારે સરસ રીતે પુરૂ કરીએ છીએ, આપણા કારોબારાને વધારે બહોળો તથા વધારે ક્ષતિ રહિત કરીએ છીએ. પણ આજના દિવસે Intelligent માણસોની અછત, તેમની સીમીત કાર્યક્ષમતા આપણને હવે Artificial Intelligence (ઈંટરનેટ) તરફ પ્રેરે છે. જેનાથી Mass Production ઓછી મહેનત, ઓછો સમય અને રાત દિવસ જે ક્યારે પણ ઉપલબ્ધ રહેશે.

આ બધી Technology અપનાવવા જેવી છે જેથી વિકાસ વધશે. કદાચ ક્યારેક કોઈ વખત સફળતા ન પણ મળે તો આપણી કાર્ય પધ્ધતિમાં ક્ષતિ કે ભુલ શોધી ફરી પ્રયત્ન કરવો જોઈએ. સિદ્ધિ જરૂર વરશે.

# જૈન (કાસ્ટ) માયનોરિટી સર્ટિફિકેટ

જાન્યુઆરી ૨૦૧૩ ના નિયાપોમાં જાહેર કરેલ વિગતના અનુસંધાનમાં જણાવવાનું કે ગવર્નમેન્ટ ઓફ આંધ્ર પ્રદેશ માયનોરિટીસ ડિપાર્ટમેન્ટ દ્વારા બહાર પાડેલ ઓર્ડર મૂજબ જૈન સમાજને ધાર્મિક માયનોરિટી તરીકે માન્યતા આપતો જી.ઓ. તા. ૮-૩-૨૦૧૧ ના બહાર પાડેલ જેમાં હમણાં ફક્ત એજ્યુકેશનલ ઈન્સ્ટીટ્યૂટમાં માયનોરિટી ના તમામ ફાયદાઓ ઉપલબ્ધ થશે. હમણાં ખાસ કરીને હાયર સેકન્ડરી અને ઉપરના વર્ગના વિદ્યાર્થી ભાઈ-બહેનોને ફાયદો મળી શકશે.

અરજી પત્રક ભર્યાબાદ સમાજમાંથી બોનાફાઈડ સર્ટિફિકેટ્સ મેળવી પોતપોતાના એરિયાના એમ.આર.ઓ./તેહસીલદાર ની ઓફિસમાંથી જરૂરી પેપરવર્ક/કાર્યવાહી કર્યાબાદ ઓરિજિનલ માયનોરિટી સર્ટિફિકેટ મેળવી શકાશે. આ પ્રક્રિયાનો અંદાજિત ખર્ચ રૂ. ૧૦૦૦ સુધી આવી શકે છે. જે અરજદારે પોતે ભોગવ વાનો રહેશે.

❖ વધુ માહિતિ માટે સંપર્ક ❖

| પંકજ વલ્લભજી સાવલા | દિનેશ કલ્યાણજી ગોસર |
|---|---|
| ૯૩૯૪૫ ૫૩૧૫૪ | ૯૩૯૧૧ ૯૯૦૧૧ |
| ૮૦૯૯૯ ૬૬૬૬૫ | ૯૨૪૬૧ ૯૯૦૧૧ |


Tailor-made travel package to suit every requirement...
FAR EAST
DURATION
DUBAI
SRILANKA
NEPAL
SOUTH AFRICA
SWITZERLAND
Maa Shakti TOURS
International & Domestic

# માવજત સમિતિ

સંચાલક : કીર્તિ ટોકરશી કાપડિયા ૯૩૯૧૦ ૧૨૯૬૯

સભ્ય પરિવારોના હિતાર્થે નીચે મુજબની યોજનાઓ ચાલુ છે.

૧) **Diagnostic Testing :** સભ્ય તથા એના પરિવાર જનો હૈદરાબાદના કોઈપણ ડાયગ્નોસ્ટિક સેંટરમાં ટેસ્ટ કરાવી બીલ ઉપર ૨૫ ટકા મજરે મેળવી શકશે. આ માટે ૧ ) ઓરિજીનલ બીલ તથા ડોક્ટરના પ્રીસ્ક્રીપસનની ઝેરોક્ષ કોપી લાવવાની રહેશે ૨) સભ્યદીઠ બીલ રૂ. ૫૦૦૦/- થી વધારે હશે તો રૂ. ૫૦૦૦/- સુધીની રકમ ઉપર ૨૫ ટકા મજરે મળશે. ૩) બીલનું પેમેન્ટ એક મહિનાની અંદર મજરે લેવાનો રહેશે. ૪) બીલ ઉપર સભ્ય (પરિવારજન) તથા ડોક્ટરનું નામ હોવું જરૂરી છે. મજરે ભવનની ઓફિસથી કોઈપણ વર્કીંગ દિવસ ના સવારના ૯.૦૦ થી ૧૦.૩૦ સુધીમાં મળશે.

૨) **નાણાકિય સહાય :** જરૂરિયાતમંદ સભ્ય કે એના પરિવારજનો હોસ્પિટલમાં સારવાર અર્થે જાય તો દાખલ થવા પહેલાથી અરજી કરવાની રહેશે, તથા મેડિકલ ઈન્શ્યુરન્સ છે કે નહીં તે પણ જણાવવાનું રહેશે. અરજી આવ્યા બાદ સમિતિ તથા ડોક્ટર ટીમની સલાહ મુજબ રકમની ચુકવણી ફક્ત ચેક દ્વારા હોસ્પિટલના નામથી કરવામાં આવશે. ઈમરજન્સીમાં દાખલ થનારે સારવાર દરમ્યાનજ અરજી કરવાની રહેશે. અને સહાયનો ચેક હોસ્પિટલના નામથીજ આપવામાં આવશે.

૩) **મેડિક્લેમ ઈન્શ્યુરેન્સ લીધા પછી, ક્લેમ લેતા પહેલા નીચે જણાવેલ માહિતી જરૂરથી વાંચશો.**

Before taking the admission in hospital, please go through the detail as shown below for taking the mediclaim :

1) Room, boarding and nursing expenses as provided by the Hospital / Nursing Home not exceeding 1.0% of the sum insured (excluding Cumulative Bonus) per day actual amount, whichever is less.

2) Intensive Care Unit (ICU) / Intensive Cardiac Care Unit (ICCU) expenses not exceeding 2.0% of the sum insured (excluding Cumulative Bonus) per day, or actual amount, whichever is less.

3) **Waiting period for specified diseases / ailments / conditions :** From the time of inception of the cover, the policy will not cover the following Diseases / ailments / conditions for the duration shown below. This exclusion will be deleted after the duration shown, provided the policy has been continuously renewed with our company without any break.

| | Name of Disease / Ailment / Surgery not covered for | Duration |
|---|---|---|
| 1) | Any Skin Disorder | 2 Yrs. |
| 2) | All internal & external benign tumors, cysts, polyps of any kind, including benign breast lumps | 2 Yrs. |
| 3) | Benign Ear, Nose, Throat disorders | 2 Yrs. |
| 4) | Benign Prostate Hydpertropy | 2 Yrs. |
| 5) | Cataract & age related eye ailments | 2 Yrs. |

| | | |
|---|---|---|
| 6) | Diabetes mellitus | 2 Yrs. |
| 7) | Gastric / Duodenal Ulcer | 2 Yrs. |
| 8) | Gout & Rheumatism | 2 Yrs. |
| 9) | Hernia of all types | 2 Yrs. |
| 10) | Hydrocele | 2 Yrs. |
| 11) | Hypertension | 2 Yrs. |
| 12) | Hysterectomy for Menorrhagia / Fibromyoma, Myomectomy & Prolapse of Uterus | 2 Yrs. |
| 13) | Non Infective Arthritis | 2 Yrs. |
| 14) | Piles, Fissure and Fistula in Anus | 2 Yrs. |
| 15) | Pilonidal Sinus, Sinusitis and related disorders | 2 Yrs. |
| 16) | Prolapse Inter Vertebral Disc unless arising from accident | 2 Yrs. |
| 17) | Stone in Gall Bladder & Bile duct | 2 Yrs. |
| 18) | Stone in Urinary Systems | 2 Yrs. |
| 19) | Unknown Congenital internal disease / defects | 2 Yrs. |
| 20) | Varicose Veins and Varicose Ulcers | 2 Yrs. |
| 21) | Age related Osteoarthritis & Osteoporosis | 4 Yrs. |
| 22) | Joint Replacements due to Degenerative Condition | 4 Yrs. |

૪) **ક્લેમ લેતી વખતે :** ૧) ક્લેમ નો સેટલમેન્ટ પહેલા પેશન્ટના નામથી ચેકથી આપવામાં આવતુ હતું. હવે નવા કાયદા મુજબ ઈન્શ્યુરન્સ કંપની આપણી પાસેથી પેશન્ટના બેન્ક એકાઉન્ટનો એક બ્લેન્ક કેન્સલ ચેક ક્લેમ અપ્લીકેશન સાથે માંગે છે.

નોંધ : અગર ચેક ઉપર એકાઉન્ટ નંબર અને નામ પ્રીન્ટેડ ન હોય તો પાસ બુકની ઝેરોક્ષ કોપી આપવાની રહેશે.

૨) NEFT થી મોકલવાનું ફોર્મ અપ્લીકેશન સાથે આપવું પડે છે જે આપ કચ્છી ભવનથી અપ્લીકેશન ફોર્મ સાથે લઈ શકશો.

૩) ક્લેમ પેપર્સ દાખલ કર્યા પછી, ૪૫/૬૦ દિવસ ક્લેમ સેટલ થતા લાગે છે જે ધ્યાનમાં રાખવા વિનંતી. તેથી બને ત્યાં સુધી "કેશ લેશ" ક્લેમ સેટલમેન્ટમાં જવું સારું રહે.

**નોંધ :** આપની મેડિક્લેમની જૂની પોલીસીઓ પણ સંભાળીને રાખવી ક્યારે પણ એની જરૂર પડી શકે છે.



*દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા માટે સંપર્ક કરો :*

**લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)

ઓફિસ : ૪-૪-૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ - ૫૦૦ ૦૯૫.

નિવાસ : ફ્લેટ નં. ૧૦૭-૧૦૮, શ્યામ એન્ક્લેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯

(જા.ખ.)

# માનવ મિત્ર સમિતિ

સંચાલક :
હરિલાલ ભીમશી સાવલા

આ વર્ષે ૨૬મી જાન્યુઆરીના પ્રજાસતાક દિવસે માનવમિત્ર સમિતિના સભ્યો મૂઠીભર અનાજના વોલીન્ટર ભાઈ-બ્હેનો તથા સાધના ફાઉન્ડેશન ના બાળકો બાલીકાઓ મળી, શ્રી શાંતિસ્કુલ ના વિદ્યાર્થીઓ બાળકો તેમના વાલીઓ તેમજ મનોરંજન સમિતિ ના સાથ સહકારથી શ્રી કચ્છી ભવનમાં આપણા સમાજના સભ્યો સાથે ધ્વજવંદનનો કાર્યક્રમ બહુજ સારી રીતે ઉજવાયો. સાધના ફાઉન્ડેશનના મંદ બુદ્ધિના બાળકો બાલીકાઓ તરફથી પ્રોગ્રામ આપવામાં આવ્યો તે બદલ સાધના ફેડરેશનના સંચાલકોનો આભાર. આ પ્રસંગે મૂઠીભર અનાજના વોલીન્ટર ભાઈઓ -બહેનોએ "મેક વિશ" એટલે ૧૩૫ ચીઠીઓ ધ્વારા આપણા સમાજના સભ્યોએ પોતાને જે ચીઠ્ઠી ઉપાડતાં તેમાં લખેલી વસ્તુ ખરીદી કરી ૨૬ મી જાન્યુઆરી ને સુપ્રત કરતાં આ વસ્તુઓ શ્રી હીતેનભાઈ સંઘોઈ ના નેતૃત્વ હેઠળ સાધના ફાઉન્ડેશનના મંદબુધ્ધિ ના બાળકોને ગીફ્ટ રૂપે આપતાં બાળકોમાં આનંદ ની લહેર આવી ગઈ. આ સુંદર કાર્ય માટે શ્રી હીતેનભાઈ સંઘોઈ ની સમસ્ત ટીમને અમારા અભિનંદન. તે ઉપરાંત સાધના ફાઉન્ડેશનને નીચે મુજબના દાતાઓ તરફથી સખી દાન ચીજવસ્તુઓની જાહેરાત થઈ.

| | |
|---|---|
| રૂ. ૧૧૦૦૦.૦૦ | શ્રી ધનજી લખમશી સાવલા |
| ૧૦૦ ટૂથ પેસ્ટ સાબુ | શ્રીમતી રૂક્ષ્મણીબેન હીરજી નીસર તરફથી |
| ૨૫ કીલો દાળ - ૧ ડબો તેલનો | શ્રી પ્રફુલ્લ ધરોડ તરફથી |
| ૫૦ કીલો ચોખા - ૨૫ કીલો દાળ | શ્રીમતી લક્ષ્મીબેન ચુનિલાલ ગાલા - હ. મનહરલાલ ચુનિલાલ ગાલા તરફથી |
| ૩૫ ટૂથ પેસ્ટ - સાબુ | શ્રી શાંતિલાલ ગોગરી તરફથી |

**મૂઠીભર અનાજ યોજના :** ગત માસમાં ૪૧૦ કીલો ચોખા - ૩૫ કીલો દાળ પ્રાપ્ત થયા હતા જે વિવિધ આશ્રમોમાં વિતરણ કરવામાં આવેલ.

૨૫ કીલો ચોખા - શ્રીમતી અમીબેન અમીત ગોગરી તરફથી માળ્યા છે.

એક દિવસના ડાયાલીસીસ માટે રૂ. ૨૧,૦૦૦.૦૦

રૂ. ૨૧,૦૦૦/- શ્રી તલકશી નાનજી ગાલા ના ૭૫ વર્ષના જન્મદિન પ્રસંગે તેમજ મે. બોમ્બે સ્ટોર્સ હીમાયત નગર ને ૫૦ વર્ષ પુરા થતાં તે નીમીતે

રૂ. ૨૧,૦૦૦/- શ્રીમતી મણિબેન જેઠાલાલ વીસરીયા - ગામ ગોધરા હાલ મુંબઈ તરફથી

**રક્ત દાન :** શ્રી દિપક આશરીયા માલદે - રક્તદાન માટે તેમનો બહુ બહુ આભાર



**અવસાન નોંધ :** સ્વ. ગાંગજી નરશી નાગડા - ઉ.વ. ૮૨ ગામ કપાયા, ચક્ષુદાન, અંતિમક્રિયા, પ્રાર્થના માટે માનવ મિત્ર સહાયરૂપ થયા હતા.

સ્વ. તરલાબેન ભીમશી ડુંગરશી સાવલા ઉ.વ. ૮૨ ગામ-સમાઘોઘા ચક્ષુદાન, અંતિમક્રિયા, પ્રાર્થના માટે માનવમિત્ર સહાયરૂપ થયા હતા.



## આવેલ દાનની વિગત - માનવ મિત્ર સમિતિ

| દાતાઓના નામ | આશ્રમ રૂા. | ગૌશાલા રૂા. | ડાયાલીસીસ (એક ના રૂ ૫૦૦ લેખે) | હોસ્પિટલ રૂા. | જીવદયા રૂા. | ગૌ ગ્રાસ ૧ ઓટો ઘાસના રૂા. ૮૦૦ |
|---|---|---|---|---|---|---|
| ભદ્રાબેન - અહમદાબાદ | - | ૫૦૫ | - | - | - | - |
| ચેતન શાંતિલાલ ગાલા ના જન્મદિન નીમીત્તે | - | ૫૦૦ | - | - | - | - |
| ગાલા ભાવિક મંડળ | - | ૨૩૬૦ | - | - | - | - |
| શ્રી હરીશ જેઠાલાલ ગાલા | - | ૧૦૦૦ | - | - | - | - |
| વોરા ભાવીક મંડળ | - | ૧૧૦૦ | - | - | - | - |
| છેડા ભાવિક સંઘ | - | ૫૦૦૦ | - | - | ૫૦૦૦ | - |
| એક સદગ્રહસ્થ તરફથી | ૨૦૦૦ | ૨૦૦૦ | ૪ | ૨૦૦૦ | ૨૦૦૦ | ૧ |
| મે. બોમ્બે સ્ટોર્સ, હીમાયતનગર દુકાનને ૫૦ વર્ષ પુરા થતા તે નિમિત્તે | - | ૧૧૦૦ | - | - | - | - |
| શ્રી ખુશાલ મેઘજી મારૂ બહેનની પુણ્યતીથી નિમિત્તે | - | ૫૦૦ | - | - | ૫૦૦ | - |
| કરૂણા પંકજ નંદુ | ૨૫૦ | ૨૫૦ | ૧ | ૨૫૦ | ૨૫૦ | - |
| કસ્તુરબેન ધનજી સાવલા પૂ. માતુશ્રીની પુણ્યતિથી નિમિત્તે | ૫૦૦ | ૫૦૦ | ૧ | ૫૦૦ | ૫૦૦ | - |
| રેખાબેન પરેશભાઈ શાહ, ચેન્નઈ | - | - | ૧ | - | - | - |
| મહેશ પ્રભુલાલ શાહ | - | - | ૧ | - | - | - |
| કીર્તિકુમાર અમરચંદ વોરા | - | - | - | - | ૩૦૦ | - |
| શ્રી તલકશી નાનજી ગાલા ૭૫ વર્ષ ના જન્મદિન નિમિત્તે | ૧૧૦૦ | - | - | - | - | - |
| મંજુલાબેન લક્ષ્મીચંદ ગાલા | ૧૦૦૦ | - | - | - | - | - |
| વિશાલ જગદિશ ગાલા | - | - | ૧ | - | - | - |
| સાવલા નૂખને નમના ભાવિકો તરફથી પૂ. સીરીયલ માતાજીની પહેડી | - | ૧૬૫૦ | - | - | ૧૦૦૦ | - |
| ચી. કેવીન પરાગ શાહ ના જન્મ દિવસ પ્રસંગે | ૮૦૦ | ૧૧૦૦ | ૧ | - | - | ૧ |
| શ્રીમતિ પ્રીતિપંકજ હીરજી સાવલા ૨૫ વર્ષના લગ્ન જીવન નિમિત્તે | ૧૫૦૦ | - | ૫ | - | - | - |



## શાંતિવન સમિતિ

સંચાલક : **હંસકુમાર સાયલા**
સહ સંચાલક : **દામજી માવજી સાવલા**

સહર્ષ જણાવવાનું કે ઈમ્પોર્ટન્સ ઓફ ફિઝીયોથેરપી ઈન જેરિઆટીક (Geriatic) પેસન્ટસ સાંધાનો દુખાવો વિષય પર રવિવાર તા. ૨૪-૨-૨૦૧૩ સાંજના ૪.૦૦ વાગે શ્રી કચ્છી ભવનમાં આ વિષયના નિષ્ણાત ડોક્ટરો પાસેથી માર્ગદર્શન મેળવવા માટે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સૌ સભ્યોને આ કાર્યક્રમમાં ભાગ લેવા ખાસ વિનંતિ. કાર્યક્રમ પછી અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

# વસ્તી પત્રક સમિતિ

સંચાલક : અરવિંદ કેશવજી છેડા
૯૩૯૧૦ ૦૭૨૭૭

## સંગઠને શક્તિ યુગે યુગે

આ સુત્ર આપણને સૌને એક તાંતણે બાંધી રાખે છે. આપણા કચ્છી બાંધવો એક બીજાથી વધુ પરિચિત થઈ, સંગઠિત થઈ એથી ઉત્પન્ન થનાર રચનાત્મક શક્તિ નો ઉપયોગ આપણા સમાજના સળગતા પ્રશ્નોના ઉકેલ માટેક રે એવી તકો ઉત્પન્ન થઈ છે.

માદરે વતન કચ્છથી હજારો માઈલ દૂર આપણે રોજગારાર્થે હૈદરાબાદમાં સ્થાયી થયા. ગામ, જ્ઞાતિ, બધુ ભુલીને આપણે એક થયા. વિસ્તાર વધતો ગયો. પરિવારો પણ વધ્યા, આપણી પોતીકી એવી સંસ્થા શ્રી કચ્છી મિત્ર મંડળ ઉદ્‌ભવમાં આવી. જેણે વખતો વખત આપણને એકજૂટ કરવામાં મદદ કરી. પ્રસંગોપાત મુલાકાતો વધી આપણે સૌ એકબીજાથી પરિચિત થતા ગયા. સભ્ય પરિવારોને વધુ નિકટ લાવવા તેમજ આત્મીયતા વધારવા શ્રી કચ્છી મિત્ર મંડળ વસ્તીપત્રક ટેલીફોન ડિરેક્ટરી જેવા માધ્યમો લાવ્યું. છેલ્લે ૨૦૧૨ માં પ્રગટ થયેલુ વસ્તીપત્રક તો ભારતભરનાં સમાજના પ્રગટ થયેલા વસ્તી પત્રકો કરતાં સવાયું બન્યુ. આધુનિક ટેક્નોલોજી અને વિસ્તૃત માહિતિ સભર વસ્તી પત્રક ભારતભરમાં એક કંઠે વખણાયો.

એ પછી ખૂબજ જટીલ પ્રક્રિયા અને કાર્યકરોના ખંત - ઉમંગ થી તેમજ દાતા પરિવાર શ્રી મણીકાંતભાઈ મેઘજી મોમાયા (વરાડીયા) - ગૌરવ કેટરર્સ ના યોગદાનથી સંપર્ક સેતુ ટેલીફોન ડિરેક્ટરી ૨૦૧૩ નું વિમોચન તા. ૨૬-૧-૨૦૧૩ શનિવારના રોજ વિશાળ જનમેદની વચ્ચે શ્રીમતિ લતાબેન મણીકાંત મોમાયાના વરદ્ વસ્તે કરવામાં આવ્યું. આ સમારંભમાં શ્રી કચ્છી મિત્ર મંડળ દ્વારા દાતા પરિવાર ના સભ્યો શ્રી મણીકાંતભાઈ મેઘજી મોમાયા, શ્રીમતિ લતાબેન મણીકાંત મોમાયા, શ્રી હેમાંગ મણીકાંત મોમાયા, શ્રીમતિ ઝેની હેમાંગ મોમાયા, કુ. હર્ષિતા મણીકાંત મોમાયાનું સન્માન કરવામાં આવ્યું.

સન્માન અગાઉ શ્રી મણીકાંતભાઈ એ પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે વસ્તી પત્રકના સંચાલક શ્રી અરવિંદ કેશવજી છેડા અને એમના સાથીદારોએ પોતાની મહેનત, સમય તથા કુનેહનું સિંચન કરી આ બેનમુન સંપર્ક સેતુ સમાજ સમક્ષ મુકવામાં સફળ રહ્યા છે, હિંમત, શૌર્ય, ધૈર્ય અને ઠંડી તાકાત ધરાવતા કાર્યકરોએ પોતાનામાં છુપેલી શક્તિઓને ખોલીને આ સંપર્કસેતુમાં પ્રાણ પૂર્યા છે. એ માટે વિમોચન થી અગાઉ આ ટીમનું સન્માન થાય એવો આગ્રહ શ્રી મણીકાંત ભાઈ એ વ્યક્ત કરેલ અને એમના પરિવારના સભ્યો દ્વારા આ સૌ કાર્યકરોનું સૌ પ્રથમ સન્માન કરવામાં આવ્યું.

સંચાલક શ્રી અરવિંદ કેશવજી છેડા, સહ સંચાલકો થી પંકજ હીરજી સાવલા, શ્રી હરેશ હેમરાજ દેઢિયા, શ્રી લહેરચંદ ટોકરશી લોડાયા તેમજ આધુનિક અને આકર્ષક પ્રિન્ટીંગ કરવા બદલ શ્રી પંકજ દેઢિયા અને ક્રિએટીવ ડિઝાઈનો બનાવનાર શ્રી રમેશ જયંતિલાલ સાવલા સર્વેનો સન્માન કરવામાં આવ્યું.

કાર્યક્રમની પૂર્ણાહુતિ બાદ દાતા પરિવાર શ્રી મણીકાંતભાઈ મેઘજી મોમાયા, ગામ : વરાડીયા (ગૌરવ કેટરર્સ) તરફથી સ્વરૂચિ ભોજનનું આયોજન કરવામાં આવેલ જેનો લાભ વિશાળ જનમેદનીએ લીધો.

આ સંપર્ક સેતુ ૨૦૧૩ નું જાહેર વિતરણ રવિવાર તા. ૧૭-૨-૧૩ અને તા. ૨૪-૨-૧૩ ના સવારના ૧૧.૦૦ થી ૧.૩૦ વાગ્યા દરમ્યાન શ્રી કચ્છી ભવનમાં કરવામાં આવશે. પરિવાર દીઠ એક પ્રતનું વિના મુલ્ય વિતરણ કરવામાં આવશે. કોઈ પરિવારને વધારાની પ્રત જોઈતી હોયતો તા. ૩૦-૧-૨૦૧૩ ના કારોબારી સમિતિ તેમજ ટ્રસ્ટ મંડળની સંયુક્ત સભામાં નક્કી થયા મૂજબ રૂ. ૨૦૦ ભરી મેળવી શકાશે.



# R.S. BANDHANI HOUSE

**કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં**

કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.

**નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી**

૩-૨-૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા,
હૈદરાબાદ ૫૦૦ ००૨૭. ફોન. ૨૪૬૦ ०૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.

(જા. ખ. H-2750)

**Upto 20% Discount on Medicines on M.R.P.**

**Special Extra Discount on H.I.V., Cancer, Kidney Medicines & Injections**

**ALL GENUINE MEDICINES ONLY**

**Goel Distributors**

4-4-234/1, Ground Floor, Inderbagh, Kothi, Hyderabad
Vikas Agarwal 9246190997, 65764301, 6999 3773

(જા. ખ.)

# મહિલા સમિતિ

સંચાલિકા : **ખુશાલી જયેશ નાગડા**

શ્રી કચ્છી મિત્ર મંડળ મહિલા સમિતિએ તા. ૧૯-૧-૨૦૧૩ ના એક પિકનીક નું આયોજન કરવામાં આવ્યું હતું. બે બસો માં કુલ ૧૧૫ બાળકો તથા મહિલાઓ આવ્યા હતા.

પિકનીક નું સ્થળ હતુ શ્રી નાગેન્દ્રરાવ ગુબ્બા ના કોલ્ડ સ્ટોરેજ બે કોલ્ડ સ્ટોરેજ. દેખાડ્યા અને એની ટેક્નીક ની જાણકારી આપી, ત્યાર પછી જમીને એક તંબોલાની ગેમ રમાડી જેમાં બધા એ ભાગ લીધો.

શ્રી નાગેન્દ્રરાવ ગુબ્બાજીએ અલ્પાહાર તથા ચાય ની ખુબજ સુંદર વ્યવસ્થા કરી હતી તેમને એક ભેટ આપી આભાર વ્યક્ત કરાયો તથા ખાસ આભાર અમારી કમિટી મેમ્બર જયશ્રી ભાવેશ ગાલા નો કે જેમની ઓળખાણથી આપણને એક નવી જગ્યા જોવા મળી અને સાથે જ્ઞાન પણ મળ્યું.

પિકનીક માં આવનાર બધીજ મહિલાઓનો ખુબ ખુબ આભાર અને મહિલા સમિતી ના આગામી કાર્યક્રમોમાં પણ સારી સંખ્યામાં ભાગ લઈ અમારો ઉત્સાહ વધારવા વિનંતી.

**મહિલા દિવસ નિમિત્તે કાર્યક્રમ :**

શ્રી કચ્છી મિત્ર મંડળ મહિલા સમિતિ પ્રથમ વખત પ્રસ્તુત કરે છે. એક કાર્યક્રમ ફક્ત મહિલાઓ માટે મહિલા દિવસ નિમીત્તે છે.

એક દિવસ આપણે સૌ થોડા ઘર ની જવાબદારીઓથી, થોડા દુનિયા દારીથી મુક્ત થઈને, પોતાના દિલ માટે, પોતાની ખુશી માટે, મનની પાંખો ફેલાવી, પગની ભમરી ને ચક્રાવી થોડું નાચશું, થોડુ ગાશું, થોડી મજાક-મશકરી કરશું, એક બીજાના હસતા મુખડા જોઈ થોડા ખુશ થશું અને થોડી ખુશી વેચીશું અને સાથે જમશું, તો વગર ભૂલે Karaoke અને D.J. Party ને માંણવા તા. ૮-૩-૧૩ ને શુક્રવાર સવારના ૧૧.૦૦ વાગે થી કચ્છી ભવનમાં મળશું અને D.J. Party ની થીમ છે. Black & Red તો મારી બધીજ બહેનોને ખાસ વિનંતી કે અવસર ને અનુરૂપ વસ્ત્રો પહેરી આવવું.

આ થીમના આધારે Best Dressed Jodi ની હરીફાઈ રાખવામાં આવેલ છે, ભાગ લેનાર બહેનોના સગપણ પહેલા જ હોવા જોઈએ.

| | | | |
|---|---|---|---|
| ૧) | સાસુ - વહુ | ૭) | સગી વેવાણો (૨) |
| ૨) | દેરાણી - જેઠાણી | ૮) | સગી બહેનો (૨) |
| ૩) | નણંદ - ભાભી | ૯) | મામી - ભાણેજી |
| ૪) | માં - દીકરી | ૧૦) | માસી - ભાણેજી |
| ૫) | દાદી - પૌત્રી | ૧૧) | ફોઈ - ભત્રીજી |
| ૬) | નાની - દોહિત્રી | ૧૨) | કાકી - ભત્રીજી |

૧૮ વરસથી ઉપરની ફક્ત છોકરીઓને જ એન્ટ્રી છે તેથી ૧૮ વરસથી નાના બાળકો ને ન લાવવા વિનંતી. ૧૧.૦૦ વાગે થી ૧૧.૩૦ સુધી આવનાર બહેનો માટે એન્ટ્રી ફી રહેશે. રૂ. ૨૦/- અને ૧૧.૩૦ પછી આવનાર બહેનો માટે એન્ટ્રી ફી રહેશે રૂ. ૫૦/- તથા ૧૨.૦૦ વાગે પછી આવનાર બહેનો માટે એન્ટ્રી ફી રહેશે. રૂ. ૧૦૦/-

બેસ્ટ ડ્રેસ જોડી ની હરીફાઈમાં ભાગ લેવા ઈચ્છતી બહેનો એ તા. ૧-૩-૨૦૧૩ સુધી નામ લખાવવા વિનંતી જેથી અમને સુગમતા રહે.

આ કાર્યક્રમના લંચ ના દાતા છે શ્રીમતી શ્વેતાબેન પ્રતાપભાઈ જડેજા અને બધી પ્રાઈઝેસ ના દાતા છે, શ્રીમતી વિજયાબેન કીર્તિભાઈ કાપડિયા થોડા હળવા ફુલ બનવા અને થોડા રંગીલા ઈન્દ્ર ધનુષ ની જેમ પોતાના વ્યક્તિત્વ ને નીખારવા જરૂર થી વધુમાં વધુ સંખ્યામાં પધારજો અને D.J. Party ને આનંદ માણજો.



# મનોરંજન સમિતિ

સંચાલક : **પંકજ હીરજી સાવલા**
ફોન : ૯૮૪૯૭ ૪૭૬૨૫

મનોરંજન સમિતિ આયોજીત ગણતંત્રદિન નિમિત્તે ધ્વજવંદન નો કાર્યક્રમ તા. ૨૬-૧-૨૦૧૩ ના દિવસે કચ્છી ભવનના પ્રાંગણમાં માનવમિત્ર સમિતિ અને શાંતી પ્રાઈમરી સ્કુલ સાથે સંયુક્ત રીતે ઉજ્વવામાં આવ્યો.

પ્રથમવાર કચ્છી ભવનના પ્રાંગણમાં ખુબજ સારી ઉપસ્થિતિ વચ્ચે ધ્વજવંદનનો કાર્યક્રમ રૂડી રીતે સંપન્ન થયો.

પ્રમુખશ્રી ધનજી લખમશી સાવલા ના વરદ હસ્તે ધ્વજ લહેરાવવામાં આવેલ. ધ્વજ વંદન પહેલા વંદેમાતરમ્ કુમારી બીજલ નવીન હરિયા ધ્વારા રજુ કરવામાં આવેલ અને ધ્વજવંદન પછી શાંતી પ્રાઈમરી સ્કુલ ના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ કાર્યક્રમો રજુ કરવામાં આવેલ. સાથે માનવ મિત્ર સમિતિ દ્વારા પણ વિવિધ કાર્યક્રમ રજુ કરવામાં આવેલ.

કાર્યક્રમના અંતે સમાજનાં ઉપપ્રમુખ શ્રી મણીકાંત મેઘજી મોમાયા દ્વારા આઈસક્રીમ ની વ્યવસ્થા કરી આપવા એમનો ખુબ ખુબ આભાર.

ધ્વજ વંદન કાર્યક્રમ પછી સંપર્કસેતુ ૨૦૧૩ ટેલીફોન ડીરેક્ટરીનું વિમોચન વસ્તી પત્રક સમિતિ દ્વારા કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં મનોરંજન સમિતિ દ્વારા દેશ ભક્તિ યુક્ત સંગીતમય કાર્યક્રમ રજુ કરવામાં આવેલ કાર્યક્રમમાં ભાગ લેનાર, મહેન્દ્ર દેવસી વોરા, ચન્દ્રેશ દેવચંદ છેડા, ભરત જેઠાલાલ ગાલા, દીપ્તી ચન્દ્રેશ છેડા, હીતેશ ધરમશી નો ખુભ આભાર. સંજોગાવસાત કુ. કરન જીતેન્દ્ર ગાલા નું નૃત્ય રજુ ન થઈ શક્યું. પણ નૃત્ય રજુ કરવાની જે મહેનત કરેલ એ માટે કરણ જીતેન્દ્ર ગાલા નો આભાર.

અંતમાં સમિતિ દ્વારા દેશ દાઝની ભાવના સર્વ મેમ્બરો માં જગાવવાના પ્રથમ પ્રયાસમાં ભાગ લેનાર દરેક મેમ્બર પરિવાર નો આભાર.


## માત્ર મારો માર્ગદર્શન – સઁવરે તમારો ભવિષ્ય

આવી મોંઘવારીમાં પણ, બચતની નાની રકમથી પણ જો સારા વ્યાજ દર સાથે ઈન્સ્યોરન્સ મળતો હોય તો વિચારવાનું શું......... ?

જીવન સાથે ભવિષ્ય ની પૂંજીમાં વધારો... તો આ બચતના રસ્તાઓ ઘણા છે.

જેમ કે... હોલ લાઈફ પ્લાન, ચાઈલ્ડ સેવિંગ પ્લાન, રિટાયર્ડમેન્ટ પ્લાન...

એક સમજદાર હાઉસવાઈફ પણ પોતાના પરિવાર માટે આ પ્લાન કરાવી શકે છે...

(જા.ખ.)

એડ્વાઈઝર :

**કોટક લાઈફ ઈન્સ્યોરન્સ, મનીષા ગડા** (આકાશગંગા-કાચીગુડા : ૯૨૯૮૫ ૦૦૭૧૫)

# સંસ્થા સમાચાર

❖ **દેઢિયા ભાવિકોની પહેડી :** પૂજ્ય મામલમાતાને નમતા દેઢિયા નુખના ભાવિકોની પહેડી રવિવાર તા. ૩-૩-૨૦૧૩ ના સવારના ૧૦.૦૦ કલાકે કચ્છી ભવન, એડનબાગ, રામકોટ મુકામે રાખવામાં આવેલ છે. સૌ ભાવિકોને સહપરિવાર તથા નિયાણી બહેનોને સજોડે પધારવા આમંત્રણ છે. આ શુભ પ્રસંગે ભુવા શ્રી રમણીકભાઈ મુંબઈથી પધારશે. નવા આવેલ ભાવિકો તથા નિયાણી બહેનોએ પોતાના નામ નીચે જણાવેલ સ્થળે લખાવવા વિનંતી. નિલગીરી : બડીચાવડી ફોન -૯૨૪૬૨ ૦૨૧૨૦, ૯૨૪૬૧ ૫૬૫૦૧, હરેશ હેમરાજ દેઢિયા બડી ચાવડી ફોન - ૯૨૪૬૧ ૯૪૪૦૫

❖ **અસ્તિત્વ એક પહેચાન :** ૧) કચ્છી મિત્ર મંડળની દરેક સભ્ય બહેનો માટે ખુશ ખબર કે દરેક સભ્ય બહેનો હવે અસ્તિત્વ એક પહેચાન ની સભ્ય બની શકશે. સંપર્ક : ૧) હેમા કારાણી ૨) કુસુમ રાંભિયા ૩) અસ્તિત્વ એક પહેચાન હર વર્ષ મુજબ આ વર્ષ ૨૦૧૩ /૧૪ માટે શૈક્ષણીક સહાયતા આપવા બાબત, જરૂરીઆત મંદ બાળકોના વાલીઓએ કમિટિ મેમ્બર્સનો સંપર્ક કરવો.

❖ **દિવ્ય શ્રાવક સામાયીક મંડળ :** ફેબ્રુઆરી માસના અતિથી વિશેષ તરીકે આપણા સમાજના તપસ્વી શ્રેષ્ઠી શ્રી તલકશી ભાણજી ગડા છે.

❖ **સિકંદ્રાબાદ ભૂજ સીધી રેલ સેવા :** કચ્છી યાત્રિકોને સીધા કચ્છ જવા માટે થતી અસગવડને ધ્યાનમાં રાખી ઘણી સંસ્થાઓ વર્ષોથી આ ક્ષેત્રે પ્રયાસ કરી રહી છે. હાલમાંજ ઝોનલ રેલવે યુસર્સની બૈઠકમાં કચ્છી સમાજ તરફથી શ્રી દિનેશ ગોસર અને શ્રી રિદ્ધીશ રમેશ જાગીરદાર તરફથી દક્ષિણ મધ્ય રેલવે ના જનરલ મેનેજર શ્રી જી.એન. આસ્થાના ને જોર દાર અપીલ કરવામાં આવી હતી, અને તેમણે આ બાબતમાં વહેલામાં વહેલી તકે ઘટતું કરવા આશ્વાસન આપેલ. ત્યાર બાદ રેલવે સાંસદીય સ્થાયી સમિતિની તા. ૧૨ ફેબ્રુઆરીના હોટલ તાજક્રિષ્ણામા પણ સમિતિ ના પ્રભારી ચેયરમેન સાંસદ (રાજ્યસભા) નંદી એલ્લય્યા તથા સલાહકાર સભ્યો સાંસદ (ગુંટુર) રાયપટી સાંબશીવ રાવ, સાંસદ (ઓંગોલ) મંગુટા શ્રીનિવાસુલુ રેડ્ડી, સાંસદ (નાંદેડ) ભાસ્કર રાવ પાટીલ સાથે મુલાકાત કરી ઉપરોક્ત ટ્રેન તાત્કાલીક શરૂ કરવા નિવેદન કરેલ.

# Website Samiti

Sanchalak : **Pankaj Hirji Savla**
**Manish Maganlal Savla**

Our's is a large community with 800 families, our parent organisation Shri Kutchi Mitra Mandal (KMM) with a base of over 1700 member's has a presence in city's elite organisation with an awe inspiring multipurpose community cum marriage hall with all ultra modern facilities with growing activities in the field of education, healthcare, housing and social happiness. The need of the hour is growing demand for spreading the information among our members and masses also. Our society needs a state of the art web portal to cater fast communication with well informed & Inter active web pages to reach the world community the exitement to interact with community & the itch of fingers tapping the keypad is inspring us to make a top class portal. The website will be useful in hall booking & will give information on various member friendly schemes & will flash forthcoming programme and will upload Niyapo & other such magazines & articles.

With the able support of Sri Samir Ramesh Vora & Sri Pankaj Devchand Dedhia we will be shortly announcing the inuaguration of our website.

આજની જરૂરીયાત પ્રમાણે એક અત્યંત આવશ્યક અને માહિતી સભર વેબસાઈટ આપણા સમાજ ની હોવી જરૂરી છે. ટુંક સમયમાં આપણી પોતાની વેબસાઈટ ઉભી કરી દુનિયા સાથે જોડાઈ જવાની શુભ શરૂઆત કરવામાં આવશે.

# જીવન ચક્ર

**પુત્ર - પુત્રી જન્મ (ટ્વીન્સ)**

| | | |
|---|---|---|
| નેહલ મિતેશ જયંતીલાલ મોતા | તેરા | હૈદરાબાદ |

**પુત્ર જન્મ**

| | | |
|---|---|---|
| હીરલ ખુશાલ નરેન્દ્ર મોમાયા | વારાપધર | હૈદરાબાદ |
| ભાવિની નીલેશ પ્રવિણચંદ કારાણી | હાલાપુર | હૈદરાબાદ |

**પુત્રી જન્મ**

| | | |
|---|---|---|
| ભાવિની હિરેન નવીનચંદ હરિયા | શેરડી | હૈદરાબાદ |

**સગપણ**

| | | |
|---|---|---|
| હિતેશ વિનીત ભવાનજી હેણિયા | સાભરાઈ | હૈદરાબાદ |
| વૈશાલી વસંત હેમરાજ ગોસર | દેવપુર | વિજયવાડા |
| રિચા વિલાસ તલકશી ગાલા | ચિયાસર | હૈદરાબાદ |
| વૈભવ ગુલાબચંદ શામજી હરિયા | નરેડી | મુંબઈ |
| બિજલ કિરણ કેશવલાલ સંઘવી | મુંદ્રા | હૈદરાબાદ |
| મંથન ચંદ્રેશ નેણશી સંઘવી | મુંદ્રા | કાલીકટ |

**શુભ લગ્ન**

| | | |
|---|---|---|
| ભાવના વિનીત ભવાનજી હેણિયા | સાભરાઈ | હૈદરાબાદ |
| અનુપ ધીરજલાલ દેવચંદ દેઢિયા | નવાવાસ | કોલ્હાપુર |
| મેઘના અમૃતલાલ મોહનલાલ નાગડા | ભોજાય | હૈદરાબાદ |
| ભાવિન વિજય હીરજી કારાણી | ખારૂઆ | સાંગલી |

**અવશાન / ચક્ષુદાન**

| | | |
|---|---|---|
| ગાંગજી નરશી નાગડા | ઉ.વ. ૮૨ | કપાયા |
| તરલાબેન ભીમશી ડુંગરશી સાવલા | ઉ.વ. ૮૨ | સમાઘોઘા |

**Change of Address**

**શ્રી ઠાકરશી ઘેલાભાઈ મૈશેરી,** C/o. જીનેશ્વરધામ જૈન મંદિર, ૩-૪-૨૦૭, લીંગમપલ્લી, કાચીગુડા, હૈદરાબાદ - ૫૦૦ ૦૨૭ મોબાઈલ : ૯૨૪૭૯ ૮૯૮૯૦

**CONGRATULATIONS**

**ANKIT VORA** S/o. Nitin Tokarshi Vora was selected as one the Youth Leader in Final of Yuva Sangarsh 2012 by Ramkrishna Math along with elven other finalists all over India.

DEEPAK MAVJI DHAROD
Cell : 98490 53458

BHAVANA TOURS & TRAVELS

RENT A CAR INDICA, TATA SUMO, QUALIS, TEMPO TRAVEL & SEMI DELUX BUSES

DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK

Off & Res : 1-8-80/1/A, Venkat Swamy Lane, Street No.11, Chikkadpally Hyd-20

(જા.ખ.)

# અભિનંદન



આંધ્ર પ્રદેશ કચ્છી વિસા ઓસવાલ સમાજના પ્રમુખ લોક લાડીલા શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા જૈન ઈન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઈજેશન (JITO) ના હૈદરાબાદ ચેપ્ટર ના ચેયરમેન તરીકે વર્ષ ૨૦૧૩-૨૦૧૫ માટે ફરી એક વાર વરણી થયેલ છે. જે આપણા સમાજ માટે ખૂબજ ગૌરવની વાત છે.

